## જન્મદિને વધામણી



અશોકસિંહ ટી પરમાર
ટ્રસ્ટી, શ્રી કચ્છ કાઠિયાવાડ રાજપૂત સેવા સમાજ, ગાંધીનગર



મમતાબેન એસ મજમુદાર



શ્રેયા હિમાંશુ શાહ



હયાન વિપુલ ચૌહાણ
મો. ૯૦૬૭૧૩૧૩૭૨



દહેગામ ખાતે ડૉ. બાબાસાહેબ આંબેડકરની પ્રતિમાને પારૂલ ઍસ ફાઉન્ડેશનના હોદ્દેદારો દ્વારા પુષ્પાંજલિ અર્પણ કરવામાં આવી હતી. સરદાર વિદ્યાર્થી આશ્રમ, દહેગામ ખાતે આશ્રમના વિદ્યાર્થીનું સંસ્થા દ્વારા સન્માન કરવામાં આવ્યું હતું. ડૉ. બાબાસાહેબ આંબેડકરની જન્મજયંતિ નિમિત્તે આયોજિત આ કાર્યક્રમમાં વ્યસનમુક્તિ, સ્વચ્છતા, બેટી બચાવો વગેરે વિષયે ઉપસ્થિત મહાનુભાવોએ ઉદ્‌બોધનો આપ્યાં હતાં. ત્યારબાદ દહેગામ કાનૂની સેવા સમિતિના સહયોગથી કાનૂની માર્ગદર્શન શિબિરનું આયોજન પણ કરવામાં આવ્યું હતું.

આ કાર્યક્રમમાં ગીતાબેન રાઠોડ (બાંધકામ સમિતિના ચેરમેન), નાગરિક પુરવઠા વિભાગના ડિરેક્ટર ભારતીબેન શુક્લ, સામાજિક ન્યાય સમિતિના ચેરમેન મહેન્દ્રભાઈ રાઠોડ, કોર્પોરેટર મૌલિક દવે, નોટરી યોગેશ પી જનસારી, સુપ્રિટેન્ડન્ટ કમલભાઈ પરમાર, રમણભાઈ પટેલ, નટવરસિંહ ચૌહાણ, વિષ્ણુ ઠાકોર, પારૂલ ફાઉન્ડેશનના પ્રમુખ સંજય ડોડિયા અને સરદાર વિદ્યાર્થી આશ્રમના દિનેશભાઈ પરમાર ઉપસ્થિત રહ્યા હતા.

# જિલ્લા હોમગાર્ડનું ગૌરવ



તાજેતરમાં રાજ્ય કક્ષાએ બેઝીક તાલીમ કેન્દ્ર, જશોદ, વડોદરા ખાતે હોમગાર્ડ્સ માટે તાલીમ યોજવામાં આવી હતી, જેમાં ગાંધીનગર જિલ્લા હોમગાર્ડ સભ્ય સંજયસિંહ વિક્રમસિંહ વાઘેલાની પસંદગી બેસ્ટ કૅડેટ તરીકે થઈ હતી. તેમને મૅડલ પણ એનાયત કરવામાં આવ્યો હતો. ગાંધીનગર જિલ્લા હોમગાર્ડનું ગૌરવ વધારવા બદલ સંજયસિંહને સમગ્ર જિલ્લા હોમગાર્ડ વતી બિરદાવી અભિનંદન પાઠવવામાં આવ્યા છે.

## ડાયરેક્ટ ❤ સે

જન્મતિથિ
કે પુણ્યતિથિએ
જેને યાદ કરી
તું પુષ્પ ધરે છે,
બાકીના દિવસોમાં
તું એને યાદ કરે છે ?
મન મારું
એ પ્રશ્ન કરે છે.

# શાહપુર પ્રાથમિક શાળામાં વાર્ષિકોત્સવની ઉજવણી





ગાંધીનગર, તા. ૧૪

આદર્શ પ્રાથમિક શાળા, શાહપુર ખાતે ગુરુવારે વાર્ષિકોત્સવ 'ઉમંગ'ની ભવ્ય ઉજવણી કરવામાં આવી હતી.

શાળામાં ધોરણ-૧થી ૮ના તમામ વિદ્યાર્થીઓએ આ કાર્યક્રમમાં ભાગ લીધો હતો. સ્વાગત ગીત, દેશભક્તિ ગીત, મનુષ્ય ગૌરવ ગીત, લોકગીત, અભિનય ગીત અને બાળ નાટક જેવી વિવિધ સાંસ્કૃતિક કૃતિઓ રજૂ કરી હતી. પ્રાથમિક શિક્ષણનું મહત્ત્વ દર્શાવતું નાટક ખૂબ પ્રશસ્તિ પામ્યું હતું. આ પ્રસંગે ગાંધીનગર તાલુકા પંચાયતના સદસ્ય કાળાજી ઠાકોર, ગ્રામ પંચાયતના સરપંચ, શાળા વ્યવસ્થાપન સમિતિના અધ્યક્ષ રશ્મિકાબેન અને પંચાયતના સભ્યો ઉપસ્થિત રહ્યા હતા. શાળાના આચાર્ય અશ્વિનભાઈ પ્રજાપતિએ બાળકોને સરકારી પ્રાથમિક શાળામાં સરકાર તરફથી મળતા વિવિધ પ્રકારના લાભ વિશે માહિતી પૂરી પાડી હતી અને બાળકોને સરકારી શાળામાં જ ભણાવવા માટે આગ્રહ કર્યો હતો. કાર્યક્રમને અંતે શાળાનાં તમામ બાળકો, આંગણવાડીનાં બાળકો તેમજ માધ્યમિક શાળાનાં ૫૦૦ જેટલાં બાળકોને ગામની ડેરીના ચેરમેન આતાજી ઠાકોરના પરિવાર તરફથી મિષ્ટાન સાથેનું ભોજન પૂરું પાડવામાં આવ્યું હતું. સમગ્ર કાર્યક્રમને સફળ બનાવવા માટે તમામ શિક્ષકો તેમજ શાળા વ્યવસ્થાપન સમિતિના સભ્યોએ જહેમત ઊઠાવી હતી.

## શહેરમાં એક નવી ડિજીટલ સેવાનો આરંભ... ગાંધીનગરને લગતી માહિતી મોબાઈલ ફોન પર ઉપલબ્ધ

ગાંધીનગર, તા. ૧૪

ગાંધીનગરના યુવાનો દ્વારા ડિજીટલ ઈન્ડિયા અને સ્ટાર્ટ અપને સાકાર કરતી એક નવિન સેવા 'હે ગાંધીનગર' શરૂ કરવામાં આવી છે. જેમાં માત્ર એક જ વાર ૯૪૦૯૨ ૫૦૭૯૪ પર 'Hey' સંદેશ મોકલવાથી ગાંધીનગરને લગતી વિવિધતાસભર અપડેટ્સ વૉટ્સઍપના માધ્યમથી તદ્દન ફ્રીમાં મેળવી શકાય છે.

આ અપડેટ્સમાં કૂકીંગ, રેસિપી, મૂવી રિવ્યૂસ જેવી અનેક બાબતોનો સમાવેશ કરવામાં આવ્યો છે.

ઉલ્લેખનીય છે કે આ સર્વિસ શરૂ થયના ફક્ત એક જ સપ્તાહમાં ગાંધીનગરના બે હજાર જેટલા નાગરિકો તેની સાથે જોડાઈ ગયા છે અને આ ડિજીટલ સર્વિસની ખાસ વાત એ છે કે આ કોઈ વૉટ્સઍપ ગ્રૂપ દ્વારા નહીં પરંતુ બ્રૉડકાસ્ટીંગ દ્વારા માહિતી સભ્યોના મોબાઈલ સુધી પહોંચાડે છે.

# જિલ્લા રેડક્રૉસ દ્વારા ડિઝાસ્ટર મૅનેજમૅન્ટ તાલીમ કાર્યક્રમ યોજાયો




શ્રી અખિલ આંજણા કેળવણી મંડળ સંચાલિત શ્રી પી કે ચૌધરી મહિલા આર્ટ્સ કૉલેજ, સૅક્ટર-૭ ખાતે ઈન્ડિયન રેડક્રૉસ સોસાયટી, ગાંધીનગર જિલ્લા શાખા દ્વારા ડિઝાસ્ટર મૅનેજમૅન્ટ તાલીમનું આયોજન કરવામાં આવ્યું હતું. ગાંધીનગર, અમદાવાદના તાલીમાર્થીઓએ આ તાલીમ કાર્યક્રમનો લાભ લઈ ઉપયોગી તાલીમ પ્રાપ્ત કરી હતી. ટ્રેનર સુરેશભાઈ ગામી દ્વારા તાલીમાર્થીઓને આ તાલીમ આપવામાં આવી હતી.

# સૌરાષ્ટ્ર કચ્છ સેવા સમાજ દ્વારા કૂકીંગ શો





સૌરાષ્ટ્ર કચ્છ સેવા સમાજ દ્વારા રાજપૂત સમાજ ભવન, સૅક્ટર-૧૨ ખાતે એક કૂકીંગ શોનું શુક્રવારે આયોજન કરવામાં આવ્યું હતું. જાણીતાં પાકશાસ્ત્ર નિષ્ણાત ગીતાબેન ખુમાન દ્વારા આ કાર્યક્રમ અંતર્ગત રસજ્ઞોને પંજાબી વાનગીઓ બનાવતાં શીખવવામાં આવ્યું હતું. શહેરનાં મહિલાઓએ આ કાર્યક્રમનો લાભ લીધો હતો.

## નગરની યુનિવર્સલ સંસ્થા દ્વારા ૧૫થી ૨૨ દરમિયાન સમર કૅમ્પ

ગાંધીનગર, તા. ૧૪

ગાંધીનગરની યુનિવર્સલ સંસ્થા દ્વારા ઉનાળુ વૅકેશનના સમયમાં શહેરીજનો માટે સમર કૅમ્પનું આયોજન કરવામાં આવ્યું છે.

આ અંગેની માહિતી આપતાં સંસ્થાના અગ્રણી જતીન દવેએ જણાવ્યું છે કે આગામી તા. ૧૫થી ૨૨ મે દરમિયાન સરકારી પ્રાથમિક શાળા, સૅક્ટર-૩ ખાતે સવારે ૭થી ૯ તથા સરકારી પ્રાથમિક શાળા, સૅક્ટર-૧૩ ખાતે સાંજે ૮થી ૮ દરમિયાન ટૅ-ક્વોન-ડો (સેલ્ફ ડિફેન્સ), વેપન ટ્રેનીંગ, યોગ, સ્કેટિંગ, ડ્રીલ એક્સરસાઈઝ, ગન શૂટીંગ, પર્સનાલિટી ડેવલપમેન્ટ, ટ્રેકિંગ જેવી પ્રવૃત્તિઓનું આયોજન કરવામાં આવ્યું છે.

આ ઉપરાંત સંસ્થા દ્વારા માઉન્ટ આબુ, મનાલી, ડેલહાઉસી જેવાં સ્થળોએ ટ્રેકિંગ કેમ્પનું આયોજન પણ કરવામાં આવ્યું છે, જેમાં બાળકોમાં રહેલ સુષુપ્ત શક્તિઓને જાગૃત કરી તેઓ શારીરિક, માનસિક રીતે સજ્જ બને તેવી સાહસિક પ્રવૃત્તિઓ કરાવવામાં આવશે.

આ કૅમ્પમાં ભાગ લેવા ઈચ્છતા શહેરીજનોએ વહેલા તે પહેલાંના ધોરણે પોતાનાં નામ નોંધાવી દેવાનાં રહેશે. નામ નોંધાવવા માટે તથા આ અંગેની વધુ માહિતી માટે તેમણે પોતાનો મોબાઈલ નંબર ૯૭૨૫૦ ૭૨૩૨૨ દ્વારા સંપર્ક કરવા વધુમાં જણાવ્યું છે.

### અર્થિંગ સોસાયટી દ્વારા

## બાળકો અને ગૃહિણીઓ માટે થિયેટર થૅરેપી વર્કશૉપ

ગાંધીનગર, તા. ૧૪

ધી અર્થિંગ સોસાયટી અને બેડરૂમ થિયેટર દ્વારા બાળકો અને મમ્મીઓ (ગૃહિણીઓ) માટે થિયેટર થૅરેપી વર્કશૉપનું ગાંધીનગર ખાતે આયોજન કરવામાં આવ્યું છે.

થિયેટર એટલે પોતાની વાત કહેવાનું, પોતાની ભાવનાઓને વ્યક્ત કરવાનું, પોતાની ખામીઓ અને ખૂબીઓને જાણવાનું અને પોતાના જ પ્રેમમાં પડવાનું એક માધ્યમ. થિયેટર એટલે આપણે પોતે જે છીએ એ ભૂલી જઈને બીજા જ કોઈક મનગમતા કે નવા પાત્રની જિંદગી જીવી લેવાની અભિવ્યક્તિ. અને થિયેટર એ માત્ર ઍક્ટર કે કલાકાર બનવા માટેનું સાધન નથી. એક બાળક જન્મે છે ત્યારથી જ કૉમ્યુનિકેશન કરવાનું શરૂ કરી દે છે. જન્મેલા બાળકના રડવાથી માંડીને માણસ મૃત્યુ પામે એ પછીની શાંતિ સુધીના કૉમ્યુનિકેશનની સફર એટલે થિયેટર, જે દરેકના જીવનમાં બાળપણથી લઈને ઘડપણ સુધી પ્રત્યક કે પરોક્ષ રીતે ક્યાંક ને ક્યાંક અસર કરતું આવ્યું છે.

આમ જોઈએ તો થિયેટર શબ્દ આપણને સિનેમાઘરની જ વધારે યાદ અપાવે છે, એનું કારણ એ છે કે આપણને થિયેટરની બીજી વ્યાખ્યા શીખવવામાં જ નથી આવી. બહારના દેશોમાં થિયેટરનો ઉપયોગ અભ્યાસ માટે કરવામાં આવે છે અને તેના માધ્યમથી સ્કિલ ડૅવલપમૅન્ટ પણ કરવામાં આવે છે. આમ, ભણતર અને ઘડતર એ બંનેમાં થિયેટરનો ઉપયોગ થાય છે.

આ પ્રકારના કૉન્સેપ્ટ સાથે અર્થિંગ સોસાયટી અને બેડરૂમ થિયેટર દ્વારા 'થિયેટર થૅરેપી વર્કશૉપ -પોતાને જાણવાની પહેલ' આગામી સપ્તાહમાં ગાંધીનગર ખાતે યોજાઈ રહ્યો છે.

બાળકો અને ગૃહિણીઓ માટે પ્રથમ જ વખત ગાંધીનગરમાં યોજાઈ રહેલા આ વર્કશૉપમાં હમણાં જ પરીક્ષા આપીને મુક્ત થયેલાં બાળકો અને બાળકોની પરીક્ષા પત્યા પછી હાશ પામેલી મમ્મીઓ ભાગ લઈ શકે છે. થિયેટરના આ વર્કશૉપના માધ્યમથી બંને પોતાના સ્ટ્રેસને મુક્ત કરી શકશે. આ થિયેટર થૅરેપી વર્કશૉપમાં ભાગ લેવા માટે રજિસ્ટ્રેશન કરાવવું જરૂરી છે.

રજિસ્ટ્રેશન કરાવવા માટે મોબાઈલ નંબર ૯૯૨૪૧ ૧૨૬૮૯, ૯૭૨૪૬ ૮૦૯૪૩, ૮૩૨૦૫ ૦૦૪૬૦ના માધ્યમથી આયોજકોનો સંપર્ક કરી શકાય છે. રજિસ્ટ્રેશન ઈમેઈલ કે સંસ્થાની વેબસાઈટ દ્વારા પણ કરાવી શકાય છે. વર્કશૉપ અંગેની વધુ માહિતી વેબસાઈટ પરથી મળી રહેશે એમ આ અંગેની એક અખબારી યાદીમાં પ્રફુલ પંચાલ દ્વારા જણાવવામાં આવ્યું છે.

## વાચકોને આમંત્રણ

### સંવેદના વિભાગમાં સ્વાનુભવો લખવા

લેખકો, વાચકોનું પ્રિય અને ગાંધીનગરનું પ્રથમ દૈનિક સમાચારપત્ર 'ગાંધીનગર સમાચાર' લખવા માગતા વાચકો માટે સંવેદના વિભાગ શરૂ કરી ચૂક્યું છે અને આ માટે લખવા સૌને આમંત્રણ આપે છે. આ વિભાગ અંતર્ગત દર માસે અલગ-અલગ વિષયો આપવામાં આવે છે, જે માટે વાચકોએ લખાણ મોકલવાનું હોય છે. વિભાગ દર સોમવારે પ્રકાશિત કરવામાં આવે છે. કોઈપણ વાચક આ લખાણ મોકલી શકે છે, જે તેના નામ સાથે પ્રકાશિત કરાશે. હા, લખાણની લંબાઈ અને ઍડિટિંગનો અધિકાર અખબાર અબાધિત રાખે છે. વાચકોને વિનંતી છે કે શબ્દોની મર્યાદા ૧૫૦ સુધી રાખવામાં આવે. આ વખતનો વિષય છે :

**'મારું માયાળુ મોસાળ'**